# રાજકોટ મહાનગરપાલિકા

રેસકોર્ષ સ્થિત સ્કેટિંગ રિંક વ્યક્તિ/સંસ્થા/એકેડમીને કોચીંગ માટે ભાડે આપવાના ટેન્ડરનું ટેકનીકલ બીડ

| | | | |
|---|---|---|---|
| ૧ | ટેન્ડર ભરનારનું પુરૂ નામ:- | | |
| ૨ | ટેન્ડર ભરનારનું પુરૂ સરનામું:- | | |
| ૩ | વ્યક્તિ/સંસ્થા/એકેડમીનું પુરૂ નામ:- | | |
| ૪ | વ્યક્તિ/સંસ્થા/એકેડમીનું પુરૂ સરનામું:- | | |
| ૫ | ટેન્ડરરના કોન્ટેક્ટ નંબરની વિગત:- | મોબાઈલ નંબર: | |
| | | ઓફીસ નંબર: | |
| | | રેસીડેન્સ નંબર: | |
| ૬ | મુખ્ય કોચનું પુરૂ નામ તથા લાયકાત (લાયકાત માટે જુઓ શરત નં.૧૬) | | |

**રેસકોર્ષ સંકુલ ઇન્ડોર સ્ટેડિયમ પરિસર સ્થિત સ્કેટિંગ રિંક વ્યક્તિ/સંસ્થા/એકેડમીને કોચીંગ માટે ભાડે આપવાના કામના ટેન્ડરની શરતો તથા નિયમો :**

1. સ્કેટિંગ રિંકની વાર્ષિક અપસેટ કિંમત રૂ.૫૦,૦૦૦/- (અંકે રૂપિયા પચાસ હજાર પુરા) રહેશે.
2. સિક્યોરીટી ડીપોઝીટ મંજુર થયેલ ભાડાની રકમના ૦૫% રહેશે. જે રાજકોટ મહાનગરપાલિકા જોગ ડીમાન્ડ ડ્રાફટ કે ફિકસ્ડ ડીપોઝીટના સ્વરૂપમાં આપવાની રહેશે.



ટેન્ડરરનું નામ : ............................................ ટેન્ડરરની સહી : ...........................................

3. શરતી ભાવ સ્વીકારવામાં આવશે નહિ. અપસેટ ભાવથી નીચે ભાવ ભરનારનું ટેન્ડર રદ્દ કરવામાં આવશે.
4. કોચીંગ માટે રિંક ૦૨(બે) વર્ષ માટે ભાડે આપવામાં આવશે.
5. કોચીંગ માટે રિંક ભાડે રાખવા અંગે એક કરતા વધુ અરજીઓ આવ્યેથી મહત્તમ ભાવ(H1) ભરનારને રિંક ભાડે આપવામાં આવશે. જે ટેન્ડરરના ટેકનીકલ બીડ કવોલીફાઇ થશે તેના જ પ્રાઇસ બીડ ઓપન કરવામાં આવશે.
6. કોચીંગ માટે રિંક ભાડે રાખનારે ભાવ મંજુર થયે રાજકોટ મહાનગરપાલિકા જોગ કરારનામું સ્વખર્ચે કરી આપવાનું રહેશે.
7. કોચીંગ માટે રિંક ભાડે રાખનારે ભાડું એડવાન્સ ચેકથી કુલ ભાડાની રકમના ૦૨ (બે) સરખા ભાગમાં ભરવાનું રહેશે. આ એડવાન્સ ચેક તથા સિક્યોરીટી ડિપોઝિટનો ચેક જમા કરાવ્યા બાદ જ વર્ક ઓર્ડર મળવાપાત્ર થશે.
8. સ્કેટિંગ રિંકનો ઉપયોગ સવારે ૭ થી ૧૨ અને બપોરે ૪ થી રાતના ૯ સુધીજ કરી શકાશે.
   આ સમય કોઇ પણ સંજોગોમાં ફેરવી શકાશે નહિ.
9. કોચીંગ માટે રિંક ભાડે રાખનાર તથા તેમાં તાલીમ આપનાર કોઇ પણ વ્યક્તિ, સંસ્થા વિગેરેનો રિંકની માલિકી અંગેનો કે રાજકોટ મહાનગરપાલિકામાં કોઇ પણ રીતે નોકરી કે અન્ય કોઇ પણ બાબત અંગેનો હકક પ્રસ્થાપિત થઇ શક્શે નહિ.
10. કોચીંગ માટે રિંક ભાડે રાખનાર સંસ્થા/વ્યક્તિ પોતે જ આ રિંકનો ઉપયોગ કરી શકશે. રિંક પેટા ભાડેથી આપી શકાશે નહિ. એટલેકે ભાડે રાખનાર સિવાય રિંકનો ઉપયોગ અન્ય કોઇપણ વ્યક્તિ/સંસ્થા કરી શકશે નહિ.
11. કોચીંગ માટે રિંક ભાડે રાખનાર રિંક પરિસર ખાતે જાહેરાત કરવા માંગતા હોય તો રૂ.૫૦૦/- પ્રતિ દિન/પ્રતિ બેનર (હોર્ડિંગ/ફ્લેક્સ વિગેરે) લેખે અલગથી રાજકોટ મહાનગરપાલિકામાં ભરપાઇ કરવાના રહેશે. આ જાહેરાત કાનુની રીતે નિષેધાત્મક અને સુરૂચિનો ભંગ ન થાય તેવી હોવી જોઇએ.
12. કોચીંગ માટે રિંક ભાડે રાખનાર રિંક પરિસર ખાતે જાહેરાત કરે તે કિસ્સામાં, જાહેરાતની કુલ આવક પૈકીની ૫૦% રકમ રાજકોટ મહાનગરપાલિકાને ચુકવવાની રહેશે.
13. મેચ/ટુર્નામેન્ટ દરમિયાન કેન્ટિન કરવા માટે રિંક ભાડે રાખનારે અગાઉ મંજુરી લેવાની થશે. આ કેન્ટિન રિંક બહાર જ કરી શકાશે.

14. કોચીંગ માટે રિંક ભાડે રાખનારે ભાડાની રકમ પર GST તથા સરકારશ્રી દ્વારા વખતો વખત નિયત થયેલ કર-વેરા ચુકવવાના રહેશે. જે ભાડાની નિયત થયેલ રકમ ઉપરાંતના રહેશે.
15. કોચીંગ માટે રિંક ભાડે રાખનારે કોચીંગ સ્ટાફ પોતાના ખર્ચે રાખવાના રહેશે. સિક્યોરીટી, સફાઇ તથા રિંક મેઇનટેનન્સ રાજકોટ મહાનગરપાલિકા દ્વારા કરવામાં આવશે. વીજ બીલ રાજકોટ મહાનગરપાલિકા દ્વારા ચુકવવામાં આવશે.
16. ટેન્ડરરના મુખ્ય કોચ ઓછામાં ઓછા ૦૨ વર્ષ કે તેનાથી વધુ સમય માટે સ્કેટિંગ એકેડમી/કોચીંગનો અનુભવ ધરાવતા હોવા જોઇએ.જેનું સર્ટીફિકેટ ટેન્ડરરે રજુ કરવાનું રહેશે.
17. રિંકનો ઉપયોગ કરતી વખતે વ્યક્તિને કોઈપણ ઈજા/નુકસાન કે જાનહાનિ ન થાય તેની કાળજી ટેન્ડર ભરનારે રાખવાની રહેશે. તેમજ તમામ જવાબદારી ટેન્ડર ભરનારની રહેશે. રાજકોટ મહાનગરપાલિકાની કોઈ જવાબદારી રહેશે નહી.
18. રિંકનો ઉપયોગ કરતી વખતે રિંક પરિસરમાં આવેલ કોઇપણ વસ્તુને નુકશાન/અડચણ ન થાય તેની તકેદારી રાખવાની રહેશે. આવું થયે સિક્યોરીટી ડીપોઝીટ જપ્ત કરવામાં આવશે તથા તફાવતની રકમ નિયમાનુસાર વસુલ કરવામાં આવશે.
19. રિંક પરિસરમાં કોઈપણ ફૂડ પેકેટ્સ કે અન્ય ફૂડ આઈટમ સાથે લાવી શકાશે નહી. ધુમ્રપાન, પાન, માવા, ફાકી, કેફી દ્રવ્યોનું સેવન નિષેધ રહેશે. આવુ કરવાના કિસ્સામાં કો-ઓર્ડીનેટરશ્રી રિંક ખાલી કરાવશે.
20. રાજકોટ મહાનગરપાલિકાના વખતોવખતના ઠરાવો/હુકમો તથા પરિપત્રોથી નિયત કરાયેલ તથા નિયત કરવામાં આવનાર તમામ નિયમો રિંક ભાડે રાખનારને બંધનકર્તા રહેશે જેનો ભંગ થયે નિયમાનુસારની કાર્યવાહી કરવામાં આવશે.
21. રાજકોટ મહાનગરપાલિકા તરફથી સુચના મળ્યે એકેડમી માટે રિંક ભાડે રાખનારે, રિંક રાજકોટ મહાનગરપાલિકા સુચવે તેને ફાળવવાની રહેશે. આ માટે રાજકોટ મહાનગરપાલિકા કોઇ વળતર ચુકવશે નહી અને અન્ય કોઇ વૈકલ્પિક વ્યવસ્થા કરી આપશે નહી તથા રાજકોટ મહાનગરપાલિકા દ્વારા મેઇનટેનન્સ માટે સુચવેલ દિવસે રિંકનો ઉપયોગ કરી શકાશે નહિ.
22. કોચીંગ માટે રિંક ભાડે રાખનારે, રિંક ખાતે કોઇપણ ટુર્નામેન્ટ યોજતા પુર્વે કમિશનરશ્રી કક્ષાએ મંજુરી લેવાની રહેશે.

23. મેચ/ટુર્નામેન્ટ વિગેરે દરમિયાન આયોજક દ્વારા પ્રેક્ષકો માટે પ્રવેશ ફી રાખવામાં આવી હશે તો પ્રત્યેક દિવસની પ્રવેશ ફી ની કુલ આવકના ૧૫% રકમ ગેઇટમની તરીકે નિયત ભાડું તથા ડીપોઝીટની રકમ ઉપરાંત રાજકોટ મહાનગરપાલિકાને અલગથી ચુકવવાની રહેશે.
24. રાજકોટ મહાનગરપાલિકા સિવાયની અન્ય કોઈ સરકારી/અર્ધસરકારી કચેરીની આનુષંગિક મંજુરી આયોજકે પરભારે અને સ્વખર્ચે અચુકપણે લેવાની રહેશે આ બાબતે રાજકોટ મહાનગરપાલિકાની કોઈપણ જવાબદારી રહેશે નહિ.
25. મેચ/તાલીમ દરમિયાન ખેલાડી, કોચ અથવા આયોજક સિવાય અન્ય કોઈપણ વ્યક્તિ રિંકમાં પ્રવેશ કરી શકશે નહિ.
26. રિંકની ફાળવણી અથવા અન્ય કોઈપણ બાબતે વાદ-વિવાદ, તકરાર કે પ્રશ્ન ઉપસ્થિત થયે કમિશનરશ્રી, રાજકોટ મહાનગરપાલિકાનો નિર્ણય આખરી અને તમામને બંધનકર્તા રહેશે. આ અંગેનું ન્યાયક્ષેત્ર રાજકોટ રહેશે.
27. રિંક ભાડે રાખનાર સંસ્થાએ ખેલાડીઓ તથા કોચને આઇ-કાર્ડ આપવાના રહેશે. જે ખેલાડીઓ તથા કોચે ફરજિયાતપણે સાથે રાખવાના રહેશે.
28. કરારનો સમય પૂર્ણ થયે સંસ્થાએ સ્કેટિંગ રિંકનો શાંત નિર્ભય કબજો રાજકોટ મહાનગરપાલિકાને પરત કરવાનો રહેશે. જે બાદ સિક્યોરીટી ડીપોઝીટ પરત કરવામાં આવશે.
29. આ માટે પ્રી-બીડ મીટીંગ **તા.૧૩/03/૨૦૨૫** ના રોજ ડી.એમ.સી.શ્રી ની કચેરી, શ્રી આંબેડકર ભવન, ઢેબર રોડ, રાજકોટ ખાતે સવારે ૧૧:00 કલાકે યોજાશે.
30. આ કામનુ ટેન્ડર **તા.૦૭/03/૨૦૨૫ થી તા.૨૮/03/૨૦૨૫** ના સાંજે ૫:00 કલાક સુધી www.nprocure.com પરથી ડાઉનલોડ કરી શકાશે. ફોર્મ ડાઉનલોડ કર્યા બાદ રૂ.૧,૧૨૫/- (અંકે રૂપિયા એક હજાર એકસો પચીસ પુરા) નો **રાજકોટ મહાનગરપાલિકા** જોગ કઢાવેલ ટેન્ડર ફી પેટેનો ડી.ડી ટેન્ડર ફોર્મ સાથે સામેલ રાખવાનો રહેશે. અન્યથા ટેન્ડર ફોર્મ રદબાતલ ગણાશે.
31. ટેન્ડર ફોર્મ સાથે રૂ.૭,૫00/- ની રકમનો **રાજકોટ મહાનગરપાલિકા** જોગ કઢાવેલ અર્નેસ્ટ મની ડીપોઝીટ (EMD) પેટેનો ડી.ડી સામેલ રાખવાનો રહેશે. અન્યથા ટેન્ડર ફોર્મ રદબાતલ ગણાશે.

રેસકોર્ષ સ્થિત સ્કેટિંગ રિંક વ્યક્તિ/સંસ્થા/એકેડમીને કોચીંગ માટે ભાડે આપવાના ટેન્ડરનું ટેકનીકલ બીડ

32. ટેન્ડર ફોર્મ સાથે સામેલ રાખવાના ડોકયુમેન્ટની વિગત :

1. ટેન્ડર ફી રૂ.૧,૧૨૫/- ની રકમનો ડી.ડી
2. ઇ.એમ.ડી. રૂ.૭,૫૦૦/- ની રકમનો ડી.ડી.
3. પાન કાર્ડની નકલ
4. આધાર કાર્ડની નકલ
5. બેંક પાસબુકની ઝેરોક્ષ
6. પ્રોફેશનલ ટેક્ષ ભર્યાની પાવતી (ચાલુ નાણાકીય વર્ષ)
7. શોપ લાયસન્સની નકલ (જો લાગુ પડતુ હોય તો)
8. ઇ.પી.એફ. તથા ઇ.એસ.આઇ.સી.ભર્યાની પાવતી (લાગુ પડે તો)
9. એકેડમી/કોચીંગનો અનુભવના સર્ટીફિકેટની નકલ
10. ઓફીસ એડ્રેસનો પુરાવો(હોય તો)
11. GST રજીસ્ટ્રેશનનો પુરાવો (હોય તો)
12. પાર્ટનરશીપ ડીડની નકલ (હોય તો)

**** ઉપરોકત તમામ ડોકયુમેન્ટ સ્વપ્રમાણિત (SELF ATTESTED) કરીને રાખવાના રહેશે.**

ઉપરોક્ત તમામ બિડાણો સાથેનું ટેકનીકલ બીડ સીલબંધ કવરમાં મોકલી આપવાનું રહેશે. ટેકનીકલ બીડના કવર પર ઇન્ડોર સ્ટેડીયમ પરિસર સ્થિત સ્કેટિંગ રિંક વ્યક્તિ/સંસ્થા/એકેડમી કોચીંગ માટે ભાડે આપવાના કામના ટેન્ડરનું ટેકનીકલ બીડ એમ સ્પષ્ટપણે લખવાનું રહેશે.

પ્રાઇસ બીડ WWW.NPROCURE.COM પર ભરવાનું રહેશે. પ્રાઇસ બીડ ભરવાની આખરી તારીખ

**તા.૨૯/03/૨૦૨૫, સાંજે ૬:00** કલાક રહેશે.

ટેકનીકલ બીડ ઓ.એસ.ડી ની કચેરી શ્રી વીર સાવરકર ઇન્ડોર સ્ટેડીયમ, રેસકોર્ષ રીંગ રોડ,રાજકોટ. ખાતે **તા.૦૧/૦૪/૨૦૨૫** સુધીમાં સીલબંધ કવરમાં ઓફીસ અર્વસ દરમિયાન ફકત સ્પીડપોસ્ટ/રજી.એ.ડી. દ્વારા રજુ કરવાના રહેશે. ટેકનીકલ બીડ **તા.03/૦૪/૨૦૨૫** ના રોજ બપોરે ૧૧:30 કલાકે ડી.એમ.શ્રી ની કચેરી, શ્રી આંબેડકર ભવન,ઢેબર રોડ રાજકોટ. ખાતે ખોલવામાં આવશે. જે



ટેન્ડરરનું નામ : ............................................... ટેન્ડરરની સહી : ..........................................

# રાજકોટ મહાનગરપાલિકા

રેસકોર્ષ સ્થિત સ્કેટિંગ રિંક વ્યક્તિ/સંસ્થા/એકેડમીને કોચીંગ માટે ભાડે આપવાના ટેન્ડરનું ટેકનીકલ બીડ

ટેન્ડરરના ટેકનીકલ બીડ કવોલીફાઇ થશે તેમના જ પ્રાઇસ બીડ **તા.૦૪/૦૪/૨૦૨૫** ના રોજ બપોરે ૧૨:૦૦ કલાકે ખોલવામાં આવશે.

હું નીચે સહી કરનાર શ્રી ........................................................................................... આ સાથે સામેલ ઉપરોકત તમામ શરતો અને નિયમો (૦૧ થી ૩૨) વાંચી, તમામ બાબતો જોઇ, વિચારી તથા સમજી સ્કેટિંગ રિંક ભાડે લેવા બંધાઉ છું. જે બદલ નીચે સહી કરી આપુ છું.

| | |
|---|---|
| ટેન્ડર ભરનારની સહી: | |
| ટેન્ડર ભરનારનું નામ: | |
| ટેન્ડર ભરનારની સંસ્થાનું નામ: | |
| સ્થળ તથા તારીખ : | |